મીઠા અને મીઠા આધારિત (Salt & Salt related Industries/products) ઉત્પાદન માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટેથી આપવાના ભાડાના દર બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૦૨૦૦૯/૧૬૯૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ–૧૮/૧૦/૨૦૧૪

Office of the ...
776055
3.11.14

સંદર્ભ :– (૧) મ.વિ.ના તાઃ૧૦/૧૦/૨૦૦૦ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૫૯૭/૧૩૭૨/ક

(૨) મ.વિ.ના તાઃ૧૨/૪/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૫૯૭/૧૩૭૨/ક

(૩) મ.વિ.ના તાઃ૨૫/૭/૨૦૦૧નાપરિપત્ર ક્રમાંકઃ મઠજ/૧૦૯૮/૧૮૫૨/ક

(૪) મ.વિ.ના તાઃ૩૦/૫/૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૨૩૯૯/૨૨૬૭/ક

(૫) મ.વિ.ના તાઃ૩/૨/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૦૨૦૦૯/૧૬૯૮/અ.૧

(૬) મ.વિ.ના તાઃ૮/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૦૨૦૦૯/૧૬૯૮/અ.૧

(૭) મ.વિ.ના તાઃ૨૨/૭/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૦૨૦૧૦/૩૩૧૫/અ.૧

(૮) મ.વિ.ના તાઃ૨૨/૧૨/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૦૨૦૧૦/૨૫૮૮/અ.૧

(૯) મ.વિ.ના તાઃ૪/૧/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૦૨૦૧૦/૩૩૧૫/અ.૧

(૧૦) મ.વિ.ના તાઃ૮/૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૦૨૦૧૦/૨૫૮૮/અ.૧

સંદર્ભ (૧) હેઠળના તા.૧૦/૧૦/૨૦૦૦ના ઠરાવથી રાજ્યમાં મીઠાના ઉત્પાદન માટે સરકારી જમીન ભાડાપટ્ટે આપવાની નીતિ નક્કી કરવામાં આવેલ છે,ત્યારબાદ સંદર્ભ (૬)હેઠળના તા.૮/૪/૨૦૧૧ના ઠરાવથી મીઠાના તથા બ્રોમાઈનના ઉત્પાદન માટે ભાડાપટ્ટે આપવામાં આવતી જમીનનુ વાર્ષિક ભાડુ પ્રતિ હેકટરે રૂ.૩૦૦/– તથા દર ૩ (ત્રણ) વર્ષે ૧૦ % વધારો કરવાનું ઠરાવવામાં આવેલ છે.આ ભાડું વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

–: ઠરાવ :–

આથી પુખ્ત વિચારણાને અંતે મીઠા અને મીઠા આધારિત (Salt & Salt related Industries/products) ઉત્પાદન માટે ભાડાપટ્ટે આપવામાં આવતી સરકારી પડતર જમીનનું ભાડુ નાના અગરિયાના કિસ્સામાં (૧૦ એકર જમીન) વાર્ષિક પ્રતિ હેકટરે રૂ.૩૦૦/–તથા દર ત્રણ વર્ષે ૬ % ભાડા વધારો

તેમજ તે સિવાયના મોટા એકમોના કિસ્સામાં વાર્ષિક પ્રતિ હેક્ટરે રૂ.૩૦૦/—તથા દર ત્રણ વર્ષે ૧૫ % ભાડા વધારો કરવાનુ આથી ઠરાવવામાં આવે છે. સદરહુ ભાડા વધારો ઠરાવની તારીખથી અમલમાં આવશે.

૨. વધુમાં મીઠાના ઉત્પાદન માટે સરકારી પડતર જમીન સંદર્ભમાં મહેસુલ વિભાગના તા.૧૦/૨/૮૪ના પરિપત્ર ક્રમાંકઃમઠજ/૧૦૮૩/યુઓ—૧૮૪/ક માં મીઠાના ઉત્પાદન અને મીઠા આધારિત ઉધોગોનો સમાવેશ થાય છે આમ મહેસુલ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ ઠરાવ અને તેને સંલગ્ન નીતિ વિષયક હુકમોમાં જ્યાં મીઠાના ઉત્પાદન/મીઠા ઉધોગ શબ્દ છે તે શબ્દનો અર્થ મીઠા અને મીઠા આધારિત ઉધોગો/ઉત્પાદનો ( Salt & Salt related Industries/ Products ) તરીકે કરવાનો આથી ઠરાવવામાં આવે છે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર ઉધોગ અને ખાણ વિભાગની તા.૧૬/૬/૨૦૧૪ તેમજ નાણા વિભાગની તા.૪/૭/૨૦૧૪ની સંમતિ મેળવીને રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિસર્ગ જોષી)
સેક્શન અધિકારી
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ:—

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(ઉધોગ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- ઉધોગ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- જનરલ મેનેજર બધા જિલ્લા ઉધોગ કેન્દ્રો
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી,ગુજરાત રાજ્ય ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(વિવાદ) પોલીટેકનીક કંપાઉન્ડ આંબાવાડી અમદાવાદ
- તમામ પ્રાન્ત અધિકારીશ્રીઓ
- ઉધોગ અને ખાણ વિભાગ ,ચ—શાખા સચિવાલય,ગાંધીનગર
- ડેપ્યુટી સોલ્ટ કમિશ્નરશ્રી ભારત સરકાર અજન્ટા કોમર્શીયલ સેન્ટર આશ્રમ રોડ,અમદાવાદ (પત્ર દવારા)
- મ.વિ.અ.લ.ગ.શાખા
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ.